એમ.એ.સી.પી.નં.૦૫/૨૦૨૬

## –:: આંક–૦૧ તળે હુકમ ::–

આ કામે પક્ષકારોને આજરોજ નેશનલ લોક અદાલતમાં અકસ્માત વળતર કેસમાં રૂ.૬૨,૦૦,૦૦૦/– માં વળતર ચુકવવા સમાધાન રજુ કરતા સમાધાન નોંધી લેવામાં આવે છે અને નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૧) સામાવાળા નં.૩ આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જનરલ ઈન્સુયરન્સ કંપની લી. અરજદારોને રૂ.૬૨,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા બાસઠ લાખ પુરા) વળતર રૂપે નિર્દિષ્ટ સમયમાં ચુકવી આપવા.

(૨) સમાધાન મુજબની રકમ વિમા કંપનીએ કાનુની સમયમાં જમા કરાવવી તેમાં વિલંબ કર્યેથી અરજદારને ૯ % વ્યાજ સહિત રકમ જમા કરવાની રહેશે.

(૩) વળતરની રકમ જમા થયેથી નીચે મુજબ ચુકવી આપવી.

| ક્રમ નં. | અરજદારનું નામ | રોકડા | ૬ વર્ષ માટે અરજદારના નામે ફિક્સ ડીપોઝીટમાં મુકવી. |
|---|---|---|---|
| ૧. | જૈનાબ ખાતુન વીડો./ઓ. તબારુક મહમદ ફજલ અંસારી | રૂ.૧૫,૨૧,૬૭૦/– | રૂ.૧૪,૬૫,૦૦૦/– |
| ૨. | રુકસારખાતુન ડો/ઓ.તબારુક મહમદ ફજલ અંસારી | રૂ.૨,૯૧,૦૬૬/– | રૂ.૩,૫૧,૬૦૦/– |
| ૩. | રેહાન સન/ઓ. તબારુક મહમદ ફજલ અંસારી | રૂ.૨,૯૧,૦૬૬/– | રૂ.૩,૫૧,૬૦૦/– |
| ૪. | એમડી ફજલ સન./ઓ મહોમદ ગફર અંસારી | રૂ.૩,૪૯,૬૬૬/– | રૂ.૨,૯૩,૦૦૦/– |
| ૫. | ખુશ્બુન ખાતુન વા./ઓ. એમડી ફજલ અંસારી | રૂ.૩,૪૯,૬૬૬/– | રૂ.૨,૯૩,૦૦૦/– |
| ૬. | જમીલા ખાતુન ડો/ઓ એમડી ફજલ અંસારી | રૂ.૩,૪૯,૬૬૬/– | રૂ.૨,૯૩,૦૦૦/– |
| | **કુલ રકમ રૂપીયા** | **રૂ.૩૧,૫૮,૮૦૦/–** | **રૂ.૩૦,૪૭,૨૦૦/–** |

(૪) અરજદાર કોર્ટની પરવાનગી સિવાય ફીકસ ડીપોઝીટ વટાવી શકશે નહી કે તેના ઉપર લોન,બોજો, તારણ ઉભુ કરી શકશે નહી.

(૫) અરજદારે ભરપાઈ કરેલ પુરેપુરી કોર્ટ ફી પરત આપવી.

(૬) પાકતી મુદતે સંલગ્ન બેન્કે અરજદારને ફીક્સ ડીપોઝીટના નાણાં ચુકવી આપવા.

(૭) પક્ષકારોને હુકમનામાની નકલ વિનામૂલ્યે પુરી પાડવી.

(૮) હુકમ મુજબ એવોર્ડ/ડીક્રી દોરવી.

હુકમ આજ તા.૧૪મી, માહેઃમાર્ચ,સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

અંજાર–કચ્છ.
તા.૧૪/૦૩/૨૦૨૬

(કે.કે.શુકલ)
મોટર એક્સીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ
(ઓકઝી.નં.૩),અંજાર–કચ્છ.
યુ.આઈ.ડી.કોડ નં.જીજે–૦૦૫૪૭

//એચ.એન.ભાવસાર//